Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૧૩૪૪૪ તા.૧૬/૦૯/૨૦૨૨

પરિપત્ર-૨૮૨૦

વિષય : અંગદાન જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા લેવા બાબત.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાનાં વિવિધ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા વિદ્યાર્થીઓને માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર જણાવવાનું કે, "અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ" સમાજમાં અંગદાન અંગે જાગૃતિ આવે તે માટે કાર્યરત સંસ્થા છે. જનમાનસમાં અંગદાન અંગે યોગ્ય માહિતી પ્રાપ્ત કરાવવાનો તથા બ્રેઈન-ડેડ દર્દીઓના અંગોનું દાન થાય અને જરૂરીયાતમંદ દર્દીઓને આ અંગો નિશ્ચિત સમયાવધિમાં પ્રાપ્ત થાય એ આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. અને આ માટે આ સંસ્થા સતત કાર્યરત છે. આ ઉમદા માનવસેવા યજ્ઞમાં આપણા દેશના માન. પ્રધાનમંત્રીશ્રી, શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે તા.૧૭/૦૯/૨૦૨૨ નાં રોજ રાત્રે ૧૨:૦૦ કલાક સુધી http://www.angdaan.org વેબસાઈટ પર જઈ રજીસ્ટ્રેશન કરવા અને અંગદાન જાગૃતિ પ્રતિજ્ઞા/શપથ લઈ પ્રમાણપત્ર મેળવવા જણાવવામાં આવે છે. આ કાર્ય માનવસેવા યજ્ઞ હોય વધુમાં વધુ સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવે તેવી વિનંતી છે.

આપે આપની કોલેજ/સંસ્થા ખાતે તા.૧૭/૦૯/૨૦૨૨ નાં રોજ શક્ય હોય તો સામુહિક અંગદાન જાગૃતિ પ્રતિજ્ઞા/શપથ કાર્યક્રમ આયોજિત કરવા અને તેના ફોટોગ્રાફ્સ તેમજ ઉપસ્થિત વિદ્યાર્થીઓની સંખ્યા ઈ-મેઈલ આઈ.ડી. cs@sggu.ac.in પર મોકલી આપવા વિનંતી છે.

ઇ.ચા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : અંગદાન અંગેની પ્રતિજ્ઞા

પ્રતિ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાનાં વિવિધ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, એસ.એસ.આઈ.પી. કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂ.

# અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ

Email- contact@angdaan.org કર્ણાવતી, ગુજરાત Mobile – 8200487222 / 9909290393


## અંગદાન માટેની પ્રતિજ્ઞા

**આથી હું પ્રતિજ્ઞા લઉ છું કે, જો હું આકસ્મિક રીતે બ્રેઈનડેડ જાહેર થાવ તો અન્યને જીવતદાન આપવા માટે મારા અંગોનું દાન કરવા મારી સંમતિ આપુ છું.**

**આ ભગિરથ કાર્યમાં મારા સંકલ્પને પૂર્ણ કરવા માટે મારા પરીવારજનોનો પણ સહકાર મળશે.**

**આ સિવાય મારા પરીવારમાં / મારા મિત્રવર્તુળમાં / માર સમાજમા કે, મારી આસપાસ કોઈ પણ વ્યકિત આકસ્મિક બ્રેઈનડેડ જાહેર થશે,**

**તો તેમના અંગોનુ દાન કરવા માટે તેમના પરીવારજનોને હું સમજાવીશ અને પ્રેરીત કરીશ.**

**અંગદાન એ જીવનદાન......**

**નોંધ:–** આ કાર્યક્રમના ફોટા તથા માહિતી આપ સ્થાનીક સમાચાર પત્ર/ન્યુઝ ચેનલ તથા સોસિયલ મિડીયાના માધ્યમથી પ્રચાર પ્રસાર થાય તે માટેના પ્રયત્ન કરશો.